# અન્વેષણ

## 'પ્રથમાનુયોગ'ના ચૌદમી શતાબ્દી લગભગના બે ઉલ્લેખ

રાજા શાલિવાહનના સમકાલીન જૈનાચાર્ય શ્રીકાલિકાર્યે રચેલા 'પઢમાણુ-ઓગ'નો ઉલ્લેખ 'આવશ્યક–નિર્યુક્તિ'–'ચૂર્ણિ'–'વૃત્તિ', 'પંચકલ્પ–ભાષ્ય'–'ચૂર્ણિ', 'વસુદેવહિંડી', 'નંદીસૂત્ર', 'સમવાયાંગ' ઇત્યાદિ પ્રાચીન આગમિક ગ્રંથોમાં તથા ચરિત્રગ્રન્થોમાં અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. આ ઉલ્લેખોના આધારે 'પઢમાણુ-ઓગ'માં મુખ્યત્વે તીર્થંકરાદિ મહાપુરુષોનાં ચરિત્રોનું વર્ણન હોવાનું જાણી શકાય છે. મહાપુરુષોનાં ચરિત્રોનું નિરૂપણ કરતા આ ગ્રન્થમાં અનુષંગે અન્યાન્ય વિવિધ પદાર્થો કે વિચારોનું નિરૂપણ થયું જ હોય. આ પદાર્થો કેવા હોઈ શકે તેનો અણસાર આપતી અને અદ્યાવધિ પ્રાયઃ અજ્ઞાત જણાતી બે ગાથાઓ એક હસ્તપ્રતિમાંથી મળી આવી છે. આ ગાથાઓનું મૂળ સ્થાન શોધવાનો યથાસાધન પ્રયત્ન કર્યો, પણ તે સ્થાન હજી જડયું નથી. કોઈ જ્ઞાતાને આ સ્થાનનો ખ્યાલ હોય અથવા જડી આવે, તો આ વિષય પર વધુ પ્રકાશ પાડી શકાય. ગાથાઓ આ પ્રમાણે છે :

૧. नव–सत्त–फणो पासो, नागो कीलावए जिणं पासं ।
तिन–पण–फणाइ सुपासो, भणिओ पढमाणुओगम्मि ॥

'નવ અને (અથવા) સાત ફણાવાળો પાર્શ્વ (યક્ષ ?) નાગ પાર્શ્વજિનની પાસે ખેલે છે (પાર્શ્વજિનને રમાડે છે–શોભાવે છે). ત્રણ અને (અથવા) પાંચ ફણા (હોય તે) વડે સુપાર્શ્વનાથ (જાણવા, એમ) 'પ્રથમાનુયોગમાં કહેલ છે.'

અલબત્ત, આ તો જિનચરિત્ર સાથે સ્પષ્ટ સંબંધ ધરાવતો મુદ્દો ગણાય.

૨. एयाण च पइट्ठा, कीरइ गुरुणा वि सूरिमंतेण ।
पढमाणुओग–पणवाइ–सुत्तओ जह जिण–ट्ठवणा ॥

—"આ (બહુપ્રસિદ્ધ अक्खए वराडए वा । આવ. નિ. ગા. ૧૪૩૨ના અનુસંધાનમાં પ્રસ્તુત ગાથા હોવાથી, તે ગાથામાં વર્ણવેલ અક્ષ, વરાટક, કાષ્ઠ, પુસ્તક, ચિત્રકર્મ વગેરે) બધાંની પ્રતિષ્ઠા ગુરુ દ્વારા સૂરિમંત્ર વડે કરવામાં આવે છે, જેમ 'પ્રથમાનુયોગ' (ગત ?) પ્રણવ આદિ (કે પ્રણવથી શરૂ થતાં ?) સૂત્ર (મંત્ર ?) વડે જિનસ્થાપના (પ્રતિષ્ઠા) થાય તેમ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગાથાના આધારે 'પઢમાણુઓગ'માં જિનપ્રતિષ્ઠા જેવા વિષયોનો પણ સમાવેશ હશે તેમ કલ્પી શકાય.

આ પછી આ હસ્તપ્રતિમાં, આ વાત સાથે જ સંબંધ ધરાવતી નીચેની ગાથા જોવા મળે છે :

गुरु–मूलु–च्चिय निडवं (?) पडिकमणं पि फुडमिह विणिद्दिट्ठं ।

गुरु–विरहे तदमद–विहिण ठवणा य गुरु–सरिसी ॥

અર્થાત્ 'ગુરુની સાક્ષીએ જ નિત્ય પ્રતિક્રમણ કરવાનું સ્પષ્ટતઃ નિર્દેશાયું છે તેથી ગુરુની અવેજમાં તે (કે તેમની) અમૃત વિધિ વડે (થયેલી) સ્થાપના પણ ગુરુ સમાન જ (જાણવી)'

આ છેલ્લી ગાથા 'આવશ્યક–સૂત્ર'ની હોવાનું પ્રતિમાં લખેલું છે. તે પરથી ઉપરોક્ત બે ગાથાઓ પણ 'આવ. સૂત્ર'માં (કે અન્યત્ર) હોવાની કલ્પનાથી તે રીતે તપાસ કરી. પરંતુ હજી જડી નથી.

એ ગમે તેમ, પણ આ ગાથાઓમાં આવતા 'પઢમાનુઓગ'ના તથા તેમાં રજૂ થયેલા બે વિષયોના નિર્દેશને લીધે તે ગાથાઓ આપણા માટે મૂલ્યવાન બની રહે છે. જે પ્રતિમાં આ ગાથાઓ છે, તે પ્રતિના આદિ–અંતનાં કેટલાંક પત્રો નથી. પરંતુ તેની લખાવટ, માપ, મધ્યમાં છેદ વગેરે સ્થિતિ જોતાં તેનું સ્વરૂપ મુષ્ટિપુસ્તક પ્રકારનું છે, અને અનુતાડપત્રકાલીન એટલે કે ૧૪મા સૈકાની તે પ્રતિ હોવાનું અનુમાન થઈ શકે તેમ છે. કોઈ અભ્યાસી મુનિરાજે, પોતાના અધ્યયન વાંચન દરમિયાન પોતાને રૂચેલા–ખપતા–ઉપયોગી વિવિધ શાસ્ત્ર સંદર્ભો આ પ્રતિમાં નોંધ્યા હોઈ, અંગત નોંધપોથી–સ્વરૂપની આ પ્રતિ છે તેમ માની શકાય. આમાં ક્યાંક મૂળ સ્થાનનો ઉલ્લેખ છે અને ઘણાં સ્થળે તે નથી.

**શીલચન્દ્રવિજય**

*